# છોછરના તળાવમાં એક જ પરિવારના ચાર બાળકો ડૂબી જતા મોત

હિંમતનગર, તા. ૩

શ્રાવણ માસમાં જન્માષ્ટમીના તહેવારો ચાલી રહ્યા છે ત્યારે રાંધણછઠને ગુરૂવારે પોશીના તાલુકાના દેલવાડા નજીક આવેલ છોછર ગામના મહુડીફળાના તળાવમાં ડૂબી જતા એક જ પરિવારના ચાર બાળકોના મોત નિપજયા હતા. જેના કારણે પંથકમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી પોશીના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દોડી આવ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે જન્માષ્ટમીના તહેવારો ચાલતા હોવાથી છોછર ગામના પોપટભાઈ ફોગણાભાઈ ગમાર (ઉ.વ.૪૦)ના ચાર બાળકો ગુરૂવારે બપોરે ૧ વાગ્યાના સુમારે મહુડીફળામાં આવેલ તળાવમાં માતા-પિતાને કહ્યા વિના ન્હાવા માટે ગયા હતા. દરમિયાન આ ચારેય બાળકો અચાનક ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા ડૂબી ગયા હતા. જે અંગે આસપાસમાં રહેતી મહિલાને ખબર પડતા તેણીએ બૂમાબૂમ કરી હતી. ત્યારબાદ ગામલોકોએ આવી બચાવ કાર્ય હાથ ધર્યુ હતું અને મહામુસીબતે પાણીમાં ડૂબી ગયેલા ચારેય બાળકોને બહાર કાઢયા હતા. જેમાં બે બાળકીઓ હતી અને બે બાળકો હતા. ત્યારબાદ તાબડતોબ ચારેયને ૧૦૮ દ્વારા દેલવાડા -ાથમિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા.જયાંથી વધુ સારવાર માટે પોશીના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા. જયાં ફરજ પરના ર્ડા.કે.ડી.ડાભીએ ચારેયને તપાસી પાણી પી જવાને કારણે મોત નિપજયુ હોવાનું જાહેર કર્યુ હતું.

રાંધણછઠના દિવસે બનેલી ગોજારી ઘટનાને કારણે દેલવાડા અને પોશીના પંથકમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. બીજી તરફ કરૂણ ઘટના અંગે પોશીનાના મામલતદાર એસ.સી.ગોતીયા અને તાલુકા વિકાસ અધિકારી વાઘડીયાને જાણ થતાં તેઓ તાબડતોબ પોશીના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દોડી આવ્યા હતા. ત્યારબાદ પોશીના પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડબ્રહ્મામાં બ્રહ્મસમાજની રેલી યોજાઈ

## ૬૦૦ કરતાં વધુ બ્રાહ્મણો રેલીમાં જોડાઈ એસડીએમને આવેદનપત્ર આપ્યુ

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા ખાતે બ્રહ્મસમાજ દ્વારા અનામતની માંગ સાથે વિશાળ રેલી કાઢવામાં આવી હતી. રેલી સ્વરૂપે નાયબ કલેક્ટર કચેરીએ જઈ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સરદાર ચોક પેટ્રોલપંપ થઈ તાલુકા સેવા સદન પહોંચી હતી. જ્યાં નાયબ કલેક્ટરને ૧૨ માંગણીઓ સાથેનું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદન પત્રમાં કરવામાં આવેલ માંગણીઓ મુજબ ફાઈનાસ્યલ અનેક ડીગ્રીઓમાં અનામત ધારા ધોરણમાં ફેરફાર કરવો જરૂરી છે. ડોનેશન માટે નવો કાયદો બનાવી ડોનેશન લેનાર માણસ ઉપર ફોજદારી દાખલ કરી વિદ્યાર્થીઓને રક્ષણ આપવામાં આવે. સંસ્કૃત




ખેડબ્રહ્મા તાલુકાના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ગુરૂવારે કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરથી અનામતની માંગ સાથે વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી કાશી વિશ્વનાથ મંદિરથી માણેકચોક- બેકવર્ડ ફેમીલીનું સ્પષ્ટીકરણ કરી અનામતનો લાભ આપવામાં આવે. બ્રહ્મ વિદ્યા સહાયક નિગમની રચના કરી રૂ. ૫૦૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવે. ઉચ્ચ શિક્ષણ જેમકે એન્જીનીયરીંગ, ડોક્ટર્સ જેવી પાઠશાળાને સહાય આપવા સાથેના ૧૨ મુદ્દાઓનો આ આવેદનપત્રમાં સમાવવામાં આવ્યા હતા. આ રેલીમાં ધવલ રાવલ, કૃણાલ જોષી તથા યજ્ઞેશ ઉપાધ્યાય સહીત ૬૦૦ કરતાં વધુ બ્રાહ્મણો જોડાયા હતા.

# વરસાદ ખેંચાતા અરવલ્લીમાં ખેડૂતોના જીવ પડીકે બંધાયા

મોડાસા, તા. ૩

ચોમાસાની શરૂઆતમાં સમગ્ર રાજ્યમાં વરસાદ સારા એવા પ્રમાણમાં થયો હતો જેના પગલે ખેડૂતોએ વ્યાપક પ્રમાણમાં વાવેતર પણ કરી દીધુ હતુ. ત્યારે અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ પણ મબલખ પાકની આશાએ સારા એવા પ્રમાણમાં વાવેતર કર્યું છે ત્યારે પાછોતરો વરસાદ ખેંચાતા ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે.

અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓમાં ખેડૂતોએ ચોમાસુ પાક પૈકીના કપાસ, મકાઈ, મગ, સોયાબીન, સહિતના પાકોનું વ્યાપક પ્રમાણમાં વાવેતર કર્યું છે. શરૂઆતના તબક્કે ખેતરમાં લહેરાતા ખેતી પાકોને જોઈ ખેડૂતો હરખાઈ ઉઠ્યા હતા. પરંતુ આ પાકો માટે હાલમાં આવશ્યક એવો પાછોતરો વરસાદ ખેંચાઈ જતા ખેડૂતોના મોર પડી ગયા છે. કપાસ અને મગફળી જેવા પાકો માટે હાલના વરસાદની ઘણી જરૂરીયાત છે. જિલ્લામાં વર્તમાન સંજોગોમાં વરસાદ આવે તેવા કોઈ એંધાણ ન દેખાતા ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવાય જાય તેવી દહેશત સેવાઈ રહી છે. સાથે સાથે જિલ્લામાં મોટા ભાગના ખેડૂતો અવકાશી ખેતી પર જ નભતા હોવાથી વાવેતર નિષ્ફળ જાય તો ખેડૂતો માટે આગામી સમય કપરો બની જવાની પ્રબળ શક્યતા દેખાઈ રહી છે.



અરવલ્લી જિલ્લામાં ચોમાસુ પાકો તરીકે કપાસ મગફળી, મકાઈ, દિવેલા અને સોયાબીન, મળીને કુલ ૧.૯૪ લાખ હેક્ટરમાં ખેડૂતોએ વાવેતર કર્યુ છે. વર્તમાન સિઝનમાં ૬૩ ટકા વરસાદ જિલ્લામાં નોંધાયો છે ત્યારે પાછોતરો વરસાદ ખેંચાતા ખેડૂતો તણાવ અનુભવે તે સ્વભાવિક છે. પરંતુ હાલમાં જે પાણી છે તેનો બગાડ ન થાય તે રીતે ટપક પદ્ધતિ કે ફૂવારા પદ્ધતિ અપનાવી ખેડૂતો મુરઝાતા પાકોને જીવતદાન આપે તે જરૂરી છે. હાલના સંજોગો મુજબ એક અઠવાડિયાની અંદર વરસાદ ન આવે તો મોટા પ્રમાણમાં ખેડૂતોને મુશ્કેલી થઈ શકે છે.

અરવલ્લી જિલ્લામાં ૧.૯૮ લાખ હેક્ટરમાં ખેડૂતોએ વાવેતર કર્યું છે. ત્યારે પાછોતરો વરસાદ ખેંચાતા ખેડૂતોના જીવ તાળવે ચોટ્યા છે. હવામાન વિભાગ હજુ એક સપ્તાહ સુધી વરસાદ પડ્યાના કોઈ જ એંધાણ ન હોવાનું જણાવી રહ્યું છે. ત્યારે ખેડૂતોના મોઢામાં આવેલ કોળિયો છીનવાઈ જવાની ભીતિ વચ્ચે ધરતી પુત્રો મેઘરાજાને મનાવવા વિનંતી કરી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં જન્માષ્ટમીના તહેવારનો થનગનાટ

## જિલ્લાના કુઢેરેશ્વર મહાદેવ, શામળાજી, સબલુર જન્માષ્ટમીએ લોકમેળો ભરાશે

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લામાં પવિત્ર શ્રાવણ માસના તહેવારોની શરૂઆત રક્ષાબંધન પર્વેથી થઈ ચુકી છે. અરવલ્લીના મોડાસા સહિત સમગ્ર જિલ્લામાં જન્માષ્ટમી સુધીના તહેવારોનો બોરચોથથી પ્રારંભ થઈ ગયો છે. જિલ્લાના અનેક જગ્યાએ જન્માષ્ટમીની ઉજવણી પૂરજોશમાં તૈયારી ચાલી છે. જિલ્લામાં જન્માષ્ટમીમાં મુખ્યત્વે સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ શામળાજી, શામપુરના કુઢેશ્વર મહાદેવ તેમજ મોડાસા શહેર નજીક સબલપુર ખાતે લોકમેળા ભરાશે.



અરવલ્લી જિલ્લામાં બોરચોથ સાથેજ લગાતાર જન્માષ્ટમી સુધીના તહેવારોની શરૂઆત થઈ ચુકી છે. મંગળવારે બોરચોથમાં ગાયમાતાનું પૂજન બુધવારે નાગપાંચમીએ નાગદેવતાનું ચિતરણ કરી શ્રીફળ વધેરી પૂજા અર્ચના કરી નાગપાંચમ મનાવી હતી. આજે રાંધણછઠ્ઠના દિવસે ગૃહીણીઓ વિવિધ મિષ્ઠાન અને રસોઈની વાનગીઓ બનાવી રાંધણછઠ્ઠ ઉજવી હતી. હિન્દુ પરંપરા મુજબ શિતળા સાતમે શીતળામાતાજીની પૂજા-અર્ચના કરી આખો દિવસ ઠંડુ ભોજન જમી પ્રભુની કૃપા પામશે. આઠમનો દિવસ એટલે હિન્દુ સમાજના લોકો માટે કૃષ્ણભક્તિ અને આનંદપ્રમોદ કરવાનો અનેરો દિવસ. આઠમની ઉજવણી જિલ્લાના પ્રજાજનો કરવા થનગની રહ્યા છે.

જન્માષ્ટમીના દિવસે મંદિરો તેમજ નિવાસ્થાનોમાં ભજન કિર્તનનો કાર્યક્રમ રાખી રાત્રીના ૧૨ કલાકે જન્મોત્સવનો નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના જયઘોષ સાથે હર્ષભેર ઉજવણી કરાશે. જિલ્લાના કેટલાક વિસ્તારોમાં આઠમના દિવસે પરંપરાગત લોકમેળો પણ યોજાશે. મોડાસા તાલુકાના શામપુર ગામે કુઢેરેશ્વર મહાદેવ મંદિરે જન્માષ્ટમીએ લોકમેળામાં માનવમહેરામણ ઉમટી પડશે.

(તસવીર - જય અમીન, મોડાસા)



## એલઆઈસીના કર્મચારીઓ હડતાલમાં જોડાયા

દેશભરમાં વિવિધ ટ્રેડ યુનિયનો દ્વારા કેન્દ્ર સરકારની કામદાર વિરોધી નિતિ સામે અને તેમની વિવિધ માંગણીઓને લઈને તા.૨ સપ્ટેમ્બરને બુધવાર ના દિવસે દેશ વ્યાપી હડતાલનું એલાન આપવામાં આવ્યું હતું. ભારતીય જીવન વિમા નિગમ સાથે જોડાયેલ ઓલ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ એમ્પ્લોયઝ એસોશીએસન પણ આ હડતાલમાં જોડાયું હતું. પગાર વધારો, પેન્શનના લાભ આપવા સહિતના મુદ્દે વીમા કંપનીના કર્મચારીઓએ ૨જી સપ્ટેમ્બરે હડતાલનું શસ્ત્ર ઉગામ્યુ છે. જીવન વીમા કર્મચારીઓને પગાર વધારાનો લાભ આપવા માટે વર્ષ ૨૦૧૨ થી અનેક મંત્રણાઓકેન્દ્ર સરકાર સાથે કરવા છતાં તેનો કોઈ જ નિવેડો સવા ત્રણ વર્ષે પણ નહિ આવતા કર્મચારીઓનો રોષ ભભૂકી ઉઠયો છે. વિમા, બેન્ક સહિતના ક્ષેત્રોમાં વિદેશી મૂડી રોકાણને બંધ કરવું નફો કરતા સરકારી એકમોનું ખાનગીકરણ કરવું નહિં. અસંગઠિત ક્ષેત્રોના કર્મચારીઓને સામાજીક સુરક્ષા આપવી. જેવી માંગણીઓને લઈ ડીસા જીવન વિમા નિગમના કર્મચારીઓ પણ આ હડતાલમાં જોડાયા હતા.

## હિંમતનગર પાલિકામાં કોલ સેન્ટરનો પ્રારંભ

હિંમતનગર, તા. ૩

હિંમતનગરના નગરજનો માટે પાલિકા દ્વારા જુદા જુદા વિભાગોની ફરિયાદો એક જ નંબર પર નોંધાવી શકાય તે માટે કમ્પલેઈન કોલ સેન્ટર નંબર ૨૪૭૦૦૦ નું ગુરૂવારે જિલ્લા કલેકટર પી.સ્વરૂપ, પાલિકા -મુખ શંકરભાઈ કહાર, ઉપ-મુખ કલ્પનાબેન પટેલ, ચીફ ઓફીસર -ણવ પારેખ તથા સદસ્યોની ઉપસ્થિતિમાં લોકોર્પણ કરવામાં આવ્યુ હતુ.

## શાંતિપુરા પ્રાથમિક શાળામાં તિથિ ભોજન પીરસાયું

પ્રાંતિજ, તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના શાંતિપુરા ગામે આવેલ પ્રાથમિક શાળાના બાળકોને સતત ત્રણ દિવસ સુધી તથી ભોજન આપવામાં આવ્યું હતું. પ્રાંતિજના વદરાડ પાસે આવેલ શાંતિપુરા ખાતે આવેલ શાંતિપુરા પ્રાથમિક શાળામાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ગામના ત્રણ દાતાઓ દ્વારા ત્રણ દિવસ સુધી બાળકોને પાકુ તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. જેમાં રાઠોડ નરેન્દ્રસિંહ બદસિંહ, રાઠોડ દશરથસિંહ પૃથ્વીસિંહ, રાઠોડ બળદેવસિંહ ભગસિંહ દ્વારા આપવામાં આવ્યું હતું. જયારે બાળકોએ પાકુ ભોજન લઈ આનંદ વ્યકત કરેલો. જયારે શાળાના આચાર્ય, સ્ટાફ, શાળા પરિવારે ત્રણે દાતાઓનો આભાર માન્યો હતો.

## પાલનપુરની રાજારામ ગુરૂકુળ શાળામાં જન્માષ્ટમી ઉત્સાહભેર ઉજવાઈ

પાલનપુર, તા. ૩

પાલનપુર સ્થિત સંત રાજારામ ગુરૂકુળ સ્કૂલ ખાતે જન્માષ્ટમી પર્વ નિમિત્તે મટકી ફોડ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જન્માષ્ટમી પર્વે શાળાના ભુલકાઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભુલકાઓએ ભગવાન રણછોડના આબેહૂ પારંપરિક વસ્ત્રો પરીધાન કરી મટકી ફોડી ઉત્સવ મનાવ્યો હતો. ઉપરાંત સંગીતના તાલે ભુલકાઓએ રાસ-ગરબાની પણ રમઝટ માણી હતી. કાર્યક્રમના અંતે બાળકોને શાળા પરિવાર તરફથી ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશનથી બજારચોક સુધી ટ્રાફિકની મહામારી

## પોલીસ ચોકી પાસે હોવા છતાં ટ્રાફિકની સમસ્યા ઘટવાને બદલે વધી

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ટ્રાફિકની સમસ્યા દિવસે ને દિવસે ઘટવાને બદલે વધતી જાય છે અને વાહનચાલકો દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન ના કરતા હોવા છતાં જેમની જવાબદારી છે તે તંત્ર માત્ર પ્રેક્ષક બનીને ટ્રાફિકને નિહાળી રહ્યું હોય તેવું હાલ લાગી રહ્યું છે.

પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશનથી બજારચોક વિસ્તાર સુધી બજારમાં ઘણીવાર ચાલતા જવામાં પણ ટ્રાફિકને લઈને શિરદર્દ સમાન છે તો નાનુ કે મોટું વાહન લઈ જવામા તો અડધો દિવસ નીકળી જાય તેવી સ્થિતિ બજારમાં પેદા થાય છે અને ટ્રાફિકને લઈ કોઈ નિયમો કે વનવે સાઈડ કે તંત્ર દ્વારા કોઈ ટ્રાફિક હલ ના કરવા અંગેની પ્રક્રિયા હાથ ના ધરાતા હાલ તો દિવસે ને દિવસે ટ્રાફિક ઘટવાને બદલે વધારો જોવા મળે છે. અને બજારમાં ખરીદી કરવા માટે આવેલ ગ્રાહકો પોતાનું વાહન જે તે દુકાન આગળ પાર્ક કરી દેતા ખરીદી કરે ત્યાં સુધીમાં તો લાંબી લાઈન થઈ જાય છે.

જ્યારે વેપારીઓ પણ પાર્કિંગ વ્યવસ્થા ના જાળવતા હોવાથી પોતાના વાહનો પણ દુકાન આગળ પાર્ક કરે છે. જ્યારે પોતાનો સામાન પણ દુકાન બહાર ગોઠવી જગ્યા રોકે છે. ત્યારે કોઈ વનવેની સુવિધા ના હોવાથી સામ સામે નાનુ મોટુ વાહન આવતા અડધો કલાક કે કલાકનો ટ્રાફિકના દશ્યો અમુક અમુક અંતરે નિહાળવા મળે છે અને કોઈ કોઈ વાર તો વાહન ચાલકોમાં ટ્રાફિકને લઈને સામ સામે તુ..તુ.. મે..મે..ના દશ્યો જોવા મળે છે.

ત્યારે ભાંખરીયા બસ સ્ટેશન પાસે પોલીસ ચોકી પાસે હોવા છતાં ટ્રાફિક ઘટવાને બદલે વધતો જાય છે. જ્યારે રેલવે સ્ટેશન સુધી બધી સ્કૂલ કોલેજો આવેલ હોવાથી સવાર સાંજ તો ટ્રાફિક મહામારી ખીલી જાય છે. ત્યારે ટ્રાફિક પોલીસ માત્ર ટ્રાફિક હલ કરવાને બદલે પ્રેક્ષક બની નિહાળતી હોય તેવું લાગી રહ્યું છે.

ત્યારે દિવસે ને દિવસે ટ્રાફિક વકરતો જાય છે. અને અનેક વાર લોક દરબાર કે સંકલન સમિતિઓમાં ટ્રાફિકને લઈ વારંવાર રજુઆતો તથા ચર્ચાઓ થઈ છે. પણ સ્થિતિ જેસેથેની રહેતા આવનાર તહેવારોને લઈ ટ્રાફિક હળવો થાય અને જેની જવાબદારી છે તે તંત્ર આળસ ખંખેરી કડક કાર્યવાહી કરે તેવું પ્રાંતિજવાસીઓ જણાવી રહ્યા છે.

## અરવલ્લી જીલ્લાના સહકારી અગ્રણીનું અવસાન

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના અંતિસરા ગામના વતની, પુર્વ સાબર ડેરી, ડિરેક્ટર, અંતિસરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.વર્તમાન



ચેરમેન, જીલ્લાના રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણી આગેવાન મનહરભાઈ કાંતીભાઈ પટેલનું લાંબી માંદગી બાદ તા.૨/૯/૨૦૧૫ ને બુધવારના રોજ દુઃખદ્ અવસાન થયેલ છે. સદ્ગતની અંતિમ યાત્રામાં રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, વેપારીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# મોડાસામાં બે માથાવાળા બાળકના જન્મની ઘટના ટોક ઓફ ધી ટાઉન

## મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં વિચિત્ર દેખાવવાળા બે જોડીયા બાળક જન્મતાની સાથે મૃત્યુ પામ્યા

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે બે માથાવાળા બાળકનો જન્મ થયો હોવાની ઘટના ટોક ઓફ ધી ટાઉન બની હતી. મોડાસા શહેરની સાર્વજનિક હોસ્પિટલમાં ગુરૂવારે સવારે લઘુમતિ સમાજની મહિલાને પ્રસુતિનો દુખાવો ઉપડતા સાર્વજનિક હોસ્પિટલમાં દાખલ થઈ હતી. હોસ્પિટલમાં હાજર તબીબે મહિલાને ઓપરેશન કરી બે જોડિયા બાળકને જન્મ આપ્યો હતો. વિચિત્ર દેખાવવાળા બન્ને જોડીયા બાળકને જોઈને તબીબ અને પરિવારજનો સ્તબ્ધ બની ગયા હતા. બન્ને બાળકો પૃથ્વી પર અવતરતા પહેલા જ જીવનદિપ બુજાઈ ગયો હતો. વિચિત્ર દેખાવવાળા બાળકોથી લોકોમાં આશ્ચર્ય ફેલાયું હતું.

મોડાસા શહેરની સાર્વજનિક હોસ્પિટલમાં લઘુમતિ સમાજની તાહેરાબાનુ ઈબ્રાહીમ શેખ (ઉં.વ. ૨૭) રહે. રાઠોડફળી કસ્બાને સારા દિવસો જઈ રહ્યા હતા. પ્રસુતિના અંતિમ દિવસોમાં મહિલાને પ્રસુતિની પીડા થતા પરિવારજનો અને સગાસંબંધીઓ સાર્વજનિક હોસ્પિટલમાં દાખલ કરી હતી. જ્યાં ગુરૂવારે સવારે ફરજ પરના તબીબે મહિલાની તબીયત અને ગર્ભમાં રહેલા બાળકો એબનોર્મલ જણાતા ઓપરેશન કરી મહિલાની પ્રસુતિ કરાવી હતી. પ્રસુતિ બાદ બે જોડિયા બાળકોના વિચિત્ર દેખાવથી પરિવારજનો અને સગાસંબંધીઓ મુંઝવણમાં મુકાઈ ગયા હતા અને વિચિત્ર દેખાવના લીધે બે માથાવાળા બાળકના જન્મની વાત શહેરમાં વાયુવેગે પ્રસરતા સાર્વજનિક હોસ્પિટલમાં આ જોડીયા બાળકોને જોવા માટે અવરજવર વધી ગઈ હતી. પરંતુ બન્ને બાળકો શારીરીક ક્ષતિગ્રસ્ત હોવાથી ગર્ભમાંજ મૃત્યુ પામ્યા હતા. પરિવારજનોએ બાળકોનો વિચિત્ર દેખાવ અને મૃત પામેલા જન્મતા શોકની લાગણી ફેલાઈ હતી.



(તસવીર : જય અમીન, મોડાસા)

## સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉ. ધર્મેશ પટેલ શું કહે છે...

આજે સાર્વજનિક હોસ્પિટલમાં પ્રસુતિ માટે લવાયેલ મહિલા અને ગર્ભમાં રહેલા બાળકો એબનોર્મલ જણાતા ઓપરેશન કરવાનો નિર્ણય લેવાયો હતો. ઓપરેશન દરમ્યાન બાળકો ગર્ભમાં જ મૃત પામેલા હોવાથી બચાવી શકાયા નહોતા. ગર્ભમાં રહેલા જોડીયા બાળકમાંથી એક બાળકની ગર્ભનાળ ગર્ભ રહેલા બીજા બાળકને વીંટળાઈ જતાં લોહીનો સપ્લાય બંધ થઈ ગયો હતો અને લોહીની ગાંઠ બની જતાં અને ગર્ભ રહેલા બાળકોને ઓક્સીજન પુરતા પ્રમાણમાં ન મળતાં બાળકોના શરીર દેખાવે ફુલી ગયા હતા. આ કુદરતી ખામી છે અને બન્ને બાળકો દેખાવ નોર્મલ જેવો હતો અને બે માથાવાળા બાળકની અફવા સીવાય બીજુ કંઈ નથી.